અપીલ અરજી નં.૨૫૩ તા .૯–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભીખુભાઈ મુળચંદભાઈ પટેલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભીખુભાઈ મુળચંદભાઈ પટેલની તા. ૫–૮–૧૧ની અરજીથી R.S.NO-૯ પૈકી પ્લોટ નં. એ–૭, ટેનામેન્ટ નં.૧૯–બી–૦૫–૧૨૪૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં હંસાબેન બાબુભાઈ પટેલ તથા તારાબેન ભીખુભાઈ પટેલનાં નામ દાખલ કરેલ તેના દસ્તાવેજી પુરાવાની નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૫૩/૨૦૧૧–૧૨

શ્રી ભીખુભાઈ મુળચંદભાઈ પટેલની તા. ૫–૮–૧૧ની અરજીથી R.S.NO- ૯ પૈકી પ્લોટ નં. એ–૭, ટેનામેન્ટ નં.૧૯–બી–૦૫–૧૨૪૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં હંસાબેન બાબુભાઈ પટેલ તથા તારાબેન ભીખુભાઈ પટેલનાં નામ દાખલ કરેલ તેના દસ્તાવેજી પુરાવાની નકલ આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં એન.ઝેડ/ એ.આર.ડી./ ૩૦૩ તા.૫–૯–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **સાથે આકારણી રજીસ્ટરે કે તુમારમાંની દફતરી વિગત પણ સ્પષ્ટ કરવા સાથે વધુમાં દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે તેના નાશ કે નિકાલની વિગતો પણ આધાર સહ જાણવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૯૮તા.૧૯–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૭૯ તા.૧–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સને ૨૦૧૦–૧૧ ના વેરાબીલની નકલ, તથા ૨૦૦૨ –૦૩ નું વેરાબીલ તા.૩–૧૦–૦૨ ભરેલ વેરાબીલની પહોંચની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૦૩ તા.૫–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૦૩ તા.૫–૯–૧૧ થી સમય અવધિના બીજા દિવસે "ટેના નં.૧૯બી –૦૫– ૧૨૪૧ –૦–૦૦૧ થી નોંધાયેલ મિલ્કત અંગેના માહિતી/પુરાવા કતારગામઝોનના વોર્ડ ફિલ્ડબુક કલાર્ક/સર્વેયરના તા.૩૦–૮–૧૧ ના રીપોર્ટ મુજબ કતારગામઝોનનો ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં મળી શકેલ નથી." તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલના કારણ જણાવ્યા વિના તા.૯–૯–૧૧ થી અપીલ અરજી કરેલ છે. જેની સાથે અરજદારે ૨૦૧૦–૧૧ નું વેરાબીલ અને ૨૦૦૨–૦૩ ની વેરા રસીદ રજૂ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતીની નકલ રજૂ કરેલ છે પરંતુ અપીલ તબકકે પાઠવેલ પત્ર અનુસાર દફતરે ઉપલબ્ધ નહીં હોવા અંગે તેના નાશ કે નિકાલની વિગતો પણ આધારસહ રજૂ કરવા જણાવેલ. જેના સંદર્ભે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીએ કોઈ પ્રકાશ પાડેલ નથી. આથી અરજદારને લાગત દફતરની તપાસણી પૂરી પાડવાની રહે કે રેકર્ડના નાશ કે નિકાલ અંગેની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આપવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૮–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં મળી શકેલ નથી તેવી અરજદારને જાહેર માહિતી અધિકારીએ સમય અવધિ બાદ આપેલી માહિતીના અનુસંધાને કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળના સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને પુરું પાડવા તથા તપાસણી પશ્ચાત અરજદાર ઈચ્છે તે નકલ મુળ અરજીથી માંગેલ માહિતીની મર્યાદામાં પૂરી પાડી તેની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભીખુભાઈ મુળચંદભાઈ પટેલ